### સિટી સરવે સુપરિ.નં.2ની દાદાગીરી નં.1, કચેરીમાં કાયદાનો ખુલ્લેઆમ ભંગ?

# ગેટ આઉટ, હું વકીલો સાથે વાત કરતી નથી

**અપીલમાં** સ્પષ્ટ રાહત છતાં સાત મહિના સુધી નોંધ નહીં પાડી કોર્ટના હુકમની ખુલ્લી અવગણના

**સિનિયર** વકીલના અપમાન, અરજી-પુરાવા ગુમાવવાના અને તોડપાણીની માંગના આરોપ સાથે કલેક્ટર સમક્ષ કન્ટેમ્પ ઓફ કોર્ટની રજૂઆત

સુરતઃ ભાજપના જ નેતાઓએ હવે અધિકારીરાજના ભ્રષ્ટાચારની સામે મેદાનમાં ઉતરવાની નોબત આવી છે. સિટી સર્વે કચેરીમાં મહિલા અધિકારીઓની દાદાગીરી વધવા માંડી છે. મનઘડત અર્થઘટન કરી લોકોને રંજાડવામાં આવતા અફસર લોબીમાં ભારે ચર્ચા શરૂ થઈ છે.

સિટી સર્વે સુપ્રિટેન્ડન્ટ કચેરીના સરાજાહેર ભ્રષ્ટાચાર સામે ગુજરાતમિત્રએ સનસનાટી મચાવતા સમાચાર ચમકાવ્યા પછી ધીરે ધીરે આવી કચેરીના ભોગ બનેલા લોકો હવે ખૂલીને બહાર આવી રહ્યા છે. સિટી સર્વે સુપ્રિ. કચેરી નં.૨ એચ.આર. પટેલ, મેઈન્ટેનન્સ સર્વેયર વોર્ડ નં.૧૦ ભાવિક હરગોવનભાઈ કોરડીયા તથા શિસ્તેદાર અશોકભાઈ સોમાભાઈ ચૌધરી સામે કન્ટેમ્પ ઓફ કોર્ટ, ભ્રષ્ટાચાર, અરજદારો અને વકીલો સાથે ગેરવર્તન તથા અપીલના હુકમનો અમલ નહીં કરવા અંગે કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ સુરત સમક્ષ વિસ્તૃત લેખિત રજૂઆત કરવામાં આવી છે.

ભારતીય જનતા પાર્ટીના લીગલ સેલ કન્વીનર રહી ચૂકેલા સીનિયર લીડર તથા સીનિયર એડવોકેટ દિપકભાઈ આફ્રિકાવાલા દ્વારા નામ જોગ ફરિયાદ કરવામાં આવી છે. સુરત જિલ્લા સિટી સર્વે કચેરીની કામગીરી સામે ગંભીર આક્ષેપો સાથે વહીવટી તંત્રની વિશ્વસનીયતા પર પ્રશ્નચિહ્ન ઊભું થયું છે. રજૂઆત મુજબ, સુરત શહેરના વોર્ડ નં.10માં નોંધ નં.769થી નોંધાયેલી મિલકતના મૂળ માલિક સ્વ.બાસુદેવ પસુપતિ દાસ તથા દિપ્તીબેન બાસુદેવ દાસ હતા, જેઓ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી કાયદેસરના માલિક હતા. તેમના અવસાન બાદ તેમના વારસદાર આસુતોષ બાસુદેવ દાસે તમામ જરૂરી દસ્તાવેજો અને સોગંદનામા સાથે સિટી સર્વે કચેરીમાં નામ દાખલ કરવાની અરજી કરી હતી.

સિટી સર્વે સુપ્રિટેન્ડન્ટ નં.2 એચ.આર. પટેલે દસ્તાવેજોની યોગ્ય તપાસ કર્યા વિના અરજી સ્વીકારવામાં ટાળટૂળ કરી, અરજદારને વારંવાર ધક્કા ખવડાવ્યા અને અંતે અરજી તથા પુરાવા “ખોવાઈ ગયા” હોવાનું જણાવ્યું. સિટી સર્વે કચેરી દ્વારા અરજી નામંજૂર થતા અરજદારે સિટી પ્રાંત અધિકારી, સુરત સમક્ષ અપીલ દાખલ કરી હતી. અપીલમાં રજૂ થયેલા તમામ દસ્તાવેજો માન્ય રાખી ડિસેમ્બર 2024ના રોજ નોંધ પાડવાનો સ્પષ્ટ હુકમ કરવામાં આવ્યો હતો. આ હુકમ તથા દસ્તાવેજો સીધા સિટી સર્વે સુપ્રિટેન્ડન્ટને મોકલવામાં આવ્યા હોવા છતાં સાત મહિના વીતી ગયા પછી પણ કોઈ નોંધ પાડવામાં આવી નથી, જે કોર્ટના હુકમની ખુલ્લી અવગણના હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. આ રજૂઆતની નકલ ભાજપના શહેર પ્રમુખ, સુરતના સાંસદ તેમજ વિવિધ ધારાસભ્યોને પણ મોકલવામાં આવી છે.

**“હું વકીલો સાથે વાત કરતી નથી”, સિનિયર વકીલ સાથે અપમાનજનક વર્તન કરી ગેટ આઉટ કહી દીધું**

રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે, સીનિયર એડવોકેટ દિપક આફ્રિકાવાલા મેઈન્ટેનન્સ સર્વેયર સાથે સુપ્રિટેન્ડન્ટની ચેમ્બરમાં ગયા ત્યારે સુપ્રિટેન્ડન્ટે ઉગ્ર ભાષામાં કહ્યું હતું કે, “હું કોઈ વકીલ સાથે વાત કરતી નથી, મારી ચેમ્બરમાં વકીલને આવવા દેતી નથી,” અને તેમને ચેમ્બરની બહાર નીકળી જવાનો હુકમ કર્યો હતો.

**સિટી સરવે કચેરીમાં કરપ્શનનું રેટકાર્ડ ફિક્સ, સુપરિ. નં.2 આગેવાન, ચર્ચા વિફરી**

રજૂઆતમાં સિટી સર્વે કચેરીમાં ચાલતા ભ્રષ્ટાચાર અંગે ચોંકાવનારા આક્ષેપો કરવામાં આવ્યા છે. આરોપ મુજબ બિનખેતીના પાનિયા છુટા પાડવા પ્લોટદીઠ રૂ. 2000, ફાસ્ટ એન્ટ્રી માટે રૂ. 10,000, નોર્મલ એન્ટ્રી માટે રૂ. 2500, પ્લાન પાસ થયેલો હોય તો વિભાગ માપણી માટે પ્લોટદીઠ રૂ. 5 લાખ, પ્લાન પાસ વગર વિભાગ માપણી માટે રૂ. 10 લાખ, હકચોકસી માટે અરજદારદીઠ રકમ લેવાય છે. ડીએલઆરમાં બિનખેતી અંગે અભિપ્રાય માટે રૂ. 25000 લેવાય છે. આ તમામ ગેરકાયદે લેવડદેવડની આગેવાની સિટી સર્વે સુપ્રિટેન્ડન્ટ નં.2ની હોવાનો આક્ષેપ છે.

**કન્ટેમ્પ ઓફ કોર્ટ સહિત કલેક્ટર સમક્ષ કડક કાર્યવાહીની માંગ**

કોર્ટના હુકમની અવગણના, ભ્રષ્ટાચાર અને તોડપાણીની માંગ, અરજીઓ અને પુરાવા ગુમ કરવાના, અરજદારો અને વકીલોને હેરાન કરવાના તેમજ સીનિયર વકીલોના જાહેર અપમાન, આ સમગ્ર મામલે રજૂઆતમાં તાત્કાલિક તપાસ અને કડક શિસ્તભંગની કાર્યવાહીની માંગ કરવામાં આવી છે.

### 200 કરોડના ફ્રોડસ્ટર્સે 2012માં લાખોની છેતરપિંડી આચરી હતી

## ડિંડોલી પોલીસની ભૂમિકા 2012માં પણ શંકાસ્પદ જ હતી

**પ્રતીક** વસાવા અને તેની ગેંગે સસ્તા પ્લોટનાં સપનાં બતાવી લોકોના લાખ્ખો ઉસેટ્યા હતા

**પીડિતો** તે વખતે ડિંડોલી પોલીસમાં ન્યાય માંગવા ગયા હતા, તો ગેંગ તરફથી ધમકી મળતી હતી

સુરતઃ 200 કરોડના હવાલા અને સાઇબર ફ્રોડ રેકેટમાં ઝડપાયેલા સૂત્રધાર પ્રતીક વસાવા અને તેની ટોળકીનું વધુ એક ગંભીર કરસ્તાન સામે આવ્યું છે. વર્ષ 2012માં સચિન વિસ્તારમાં સસ્તા પ્લોટ આપવાની લાલચ આપી અનેક લોકો પાસેથી લાખો રૂપિયા પડાવ્યા બાદ પણ પ્લોટનો કબજો નહીં આપવાનો આક્ષેપ હવે ફરી ગરમાયો છે. આશ્ચર્યની વાત એ છે કે વર્ષ 2018માં ડીંડોલી પોલીસને લેખિત અરજી આપવામાં આવી હોવા છતાં કોઈ કાર્યવાહી નહીં થતાં હવે પીડિતો પોલીસ કમિશનર કચેરીએ ન્યાય માટે દોડ્યા છે.

200 કરોડના હવાલા અને સાઇબર ફ્રોડ કૌભાંડની તપાસ દરમિયાન સાઇબર ફ્રોડ માફિયા પ્રતીક વસાવા અને તેની ટોળકીનું વધુ એક જૂનું પરંતુ ગંભીર કૌભાંડ સપાટી પર આવ્યું છે. વર્ષ 2012 દરમિયાન સચિન વિસ્તારમાં પ્લોટ ડેવલપમેન્ટના નામે સસ્તી સ્કીમો જાહેર કરી સામાન્ય લોકોના વિશ્વાસ સાથે ખુલ્લી છેતરપિંડી કરવામાં આવી હતી. આરોપ છે કે પ્રતીક વસાવા, તેનો ભાઈ ચેતન વસાવા અને સાથી પ્રફુલ સહિતના ઇસમોએ “સસ્તામાં પ્લોટ” આપવાના બહાને અનેક લોકો પાસેથી બુકિંગની રકમ તરીકે લાખો રૂપિયા વસૂલ્યા હતા. વર્ષો સુધી ન તો પ્લોટનો કબજો આપ્યો અને ન તો નાણાં પરત આપ્યા. ભોગ બનનારાઓનું કહેવું છે કે વર્ષ 2018માં આ બાબતે ડીંડોલી પોલીસમાં લેખિત અરજી કરવામાં આવી હતી, પરંતુ પોલીસ દ્વારા કોઈ નોંધપાત્ર કાર્યવાહી કરવામાં આવી નહોતી. નિષ્ક્રિયતાને લઈને હવે ડીંડોલી પોલીસની ભૂમિકા પણ શંકાના ઘેરામાં આવી છે. જ્યારે 200 કરોડના સાઇબર ફ્રોડ અને હવાલા કાંડમાં પ્રતીક વસાવા ગેંગની ધરપકડ થઈ, ત્યારે જૂના પીડિતોને ન્યાયની આશા જાગી છે. પીડિતો પોલીસ કમિશનર કચેરીએ રજૂઆત કરવા પહોંચ્યા છે. પીડિતોના આક્ષેપ મુજબ પ્રતીક વસાવાના નાના ભાઈ ચેતન વસાવાનો સ્થાનિક પોલીસ સાથે ઘરોબો હતો, જેના કારણે ફરિયાદો દબાવી દેવામાં આવી. એટલું જ નહીં, પ્લોટ ધારકોને ખોટા કેસમાં ફસાવવાની અને મહિલાઓના વિડીયો વાયરલ કરવાની ધમકીઓ પણ અપાઈ હોવાનો ગંભીર આરોપ છે.

હવે સવાલ એ ઊભો થયો છે કે વર્ષો પહેલાં ફરિયાદ છતાં કાર્યવાહી કેમ ન થઈ? શું ડીંડોલી પોલીસની ભૂમિકા માત્ર બેદરકારી હતી કે પછી કોઈ સાંઠગાંઠ? પોલીસ કમિશનર સમક્ષ ન્યાયની માગ સાથે હવે પીડિતો કડક તપાસ અને જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરી રહ્યા છે.

**પ્લોટ માટે કોઈએ દીકરીના લગ્નના બચાવેલા તો કોઈએ ઘર વેચીને પૈસા આપ્યા હતા**

સચિન વિસ્તારમાં પ્લોટ સ્કીમમાં ફસાયેલા પીડિતોનું કહેવું છે કે તેમણે પોતાના જીવનની જમા-પુંજી આ સ્કીમમાં લગાવી હતી. કોઈએ દીકરીના લગ્ન માટે બચાવેલા રૂપિયા તો કોઈએ ઘર વેચીને પ્લોટ બુક કરાવ્યો હતો. વર્ષો સુધી આશા રાખી પરંતુ અંતે છેતરપિંડીનો ભોગ બન્યા. ફરિયાદ કરવા જતા આરોપીઓ તરફથી ધમકી મળતી હોવાનો પણ આક્ષેપ છે. કેટલાક પીડિતોએ જણાવ્યું કે જો વધુ અવાજ ઉઠાવશે તો ખોટા કેસમાં ફસાવી દેવાની અને પરિવારને બદનામ કરવાની ધમકી અપાઈ હતી. આજે પણ આ લોકો ન્યાયની રાહ જોઈ રહ્યા છે અને દોષિતોને કડક સજા થાય તેવી માગ કરી રહ્યા છે.

**પોલીસે તે વખતે કાર્યવાહી કરી હોત તો 200 કરોડનો ફ્રોડ થયો ન હોત, પોલીસ સામે પણ તપાસની માંગ**

વર્ષ 2018માં લેખિત અરજી છતાં ડીંડોલી પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી ન થવી એ સૌથી મોટો પ્રશ્ન બની ગયો છે. પીડિતો સીધો આરોપ લગાવી રહ્યા છે કે આરોપીઓના પોલીસ સાથેના સંપર્કોને કારણે કેસને દબાવી દેવામાં આવ્યો. જો સમયસર તપાસ થઈ હોત તો કદાચ 200 કરોડના હવાલા-સાયબર ફ્રોડ સુધી મામલો પહોંચ્યો ન હોત. હવે લોકો માંગ કરી રહ્યા છે કે માત્ર આરોપીઓ જ નહીં પરંતુ આ કેસમાં નિષ્ક્રિયતા દાખવનારા પોલીસ અધિકારીઓની પણ તપાસ થવી જોઈએ.

**પાલનપુર વિસ્તારમાં આગ: બચાવો બચાવોની બૂમો પડી**



■ પાલનપુર કેનાલ રોડ પર આવેલા નક્ષત્ર સોલિટર કોમ્પલેક્સમાં ભીષણ આગ લાગતા ફાયર બ્રિગેડ ટીમો દોડી આવી હતી. આગમાં ફસાયેલા સાત લોકોનું રેસ્ક્યુ કરી બચાવી લેવાયા હતા.

## પાલનપુરમાં નક્ષત્ર સોલિટેરમાં ભીષણ આગ, છ લોકોનું રેસ્ક્યુ

**ગ્રાઉન્ડ** ફ્લોર પર બ્યુટી પાર્લરમાં લાગેલી આગ ચાર માળ સુધી પ્રસરી

**12** દુકાન અને બે હોટલ આગની ઝપેટમાં આવી ગયા

સુરત : પાલનપુર કેનાલ રોડ પર આવેલા નક્ષત્ર સોલિટેર નામના કોમ્પ્લેક્સનાં ગ્રાઉન્ડ ફ્લોર પર ગત મોડી રાત્રે અચાનક આગ ફાટી નીકળી હતી. ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા બ્યુટી પાર્લરમાં લાગેલી આગ બાજુમાં ફર્નિચરની દુકાનમાં પ્રસરી હતી અને બાદમાં એક પછી એક ગ્રાઉન્ડ ફ્લોર પર પાંચ દુકાનો અને બાદમાં ઉપર ત્રીજા માળ સુધીમાં અન્ય ૭ દુકાન અને બે હોટલમાં પ્રસરી જતાં ભારે નુકસાન થવા પામ્યું હતું. ફાયર વિભાગનાં લાશ્કરોએ આગમાં ફસાયેલા દંપતી સહિત છ વ્યક્તિનું ભારે જહેમત બાદ રેસ્ક્યું કરી બચાવ્યા હતા. અઢી કલાકની ભારે જહેમત બાદ આગને કાબુમાં આવી હતી.

ફાયર વિભાગનાં સૂત્રોના જણાવ્યા પ્રમાણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આગ જોતજોતામાં ચોથા માળ સુધી પ્રસરી જવા પામી હતી. ત્રીજા માળે આવેલી સોલિટેર હોટલ અને એપલ હોટલ પણ આગની ઝપેટમાં આવી ગઈ હતી. આગમાં ફસાયેલા કૃતિકા જામકર, અનિલ જામકર, હિરેન ગામીત, અંકુર ગામીત સહિત શ્રેયાંત ગામીતનું દિલધડક રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. આ ઘટનાને પગલે અડાજણ, પાલનપોર, મોરાભાગળ અને જહાંગીરપુરા ફાયર સ્ટેશનથી ૧૦થી વધુ ગાડીઓ ઘટના સ્થળે ખડકી દેવામાં આવ્યો છે.

**દંપતીએ બીજા માળેથી ‘બચાવો બચાવો’ની બૂમો પાડી**

દુકાનોની ઉપર આવેલી બે હોટલમાં રોકાયેલા એક વૃધ્ધા અને કર્મચારી સહિત 7 જેટલી વ્યક્તિઓને ફાયરની ટીમે રેસ્ક્યુ કરી સલામત નીચે ઉતારી લીધા હતા. જ્યારે બીજા માળે ફસાયેલા દંપતિએ બચાવો બચાવોની બુમો પાડી ફાયર જવાનોનું ધ્યાન ખેંચ્યુ હતુ. આ દંપતિને ત્રીજા માળે બોલાવી ત્યાંના ફાયર એક્ઝિટમાંથી પાછળની સાઇડ લેડર લગાવી સલામત નીચે ઉતરી લેવામાં આવ્યા હતા.

## IT વિભાગના SMS-Emailથી કરદાતાઓ CA પાસે દોડ્યા

**SMS**- Email નાણાકીય વ્યવહાર અંગેની નોટિસ નથી, સમીક્ષા કરવા માટે યાદ અપાવવા માટે: આયકર વિભાગ

સુરતઃ આવકવેરા વિભાગે દ્વારા રિટર્ન સંદર્ભે SMS- Email મોકલતા સુરતમાં રિટર્ન ફાઈલ કરનારામાં ગભરાહટ વ્યાપી ગયો છે અને પોતાના સીએની પાસે દોડી ગયા હતા. આ અંગે જાણકાર સૂત્રો અને સુરત આયકર વિભાગમાંથી જાણવા મળ્યું છે કે કરદાતાઓને મોકલવામાં આવતા તાજેતરના SMS અને Email કોઈ નાણાકીય વ્યવહાર અંગેની નોટિસ કે તપાસનો સંકેત નથી. આ સંદેશાઓ માત્ર કરદાતાઓને તેમની આવકવેરા રિટર્ન અને વાર્ષિક માહિતી નિવેદનની સમીક્ષા કરવા માટે યાદ અપાવવા માટે મોકલવામાં આવ્યા છે. જો કોઈ કરદાતાને ફાઈલ કરેલા રિટર્નમાં કોઈ વિગતો છૂટી ગઈ હોય અથવા ભૂલ હોય, તો તે સુધારવાની તક પણ આપવામાં આવી રહી છે. તાજેતરમાં સોશિયલ મીડિયા અને ચર્ચાઓમાં એવી ગેરસમજ ફેલાઈ હતી કે આ સંદેશાઓ કોઈ મોટી કાર્યવાહી અથવા તપાસનો સંકેત છે. પરંતુ આવકવેરા વિભાગે આ ગેરસમજ દૂર કરતાં કહ્યું છે કે આ માત્ર અનુપાલન વધારવા અને કરદાતાઓને સ્વૈચ્છિક રીતે તેમની માહિતી ચકાસવા માટેની પહેલ છે. કરદાતા આવકવેરા વિભાગના ઈ-ફાઈલિંગ પોર્ટલ દ્વારા ઑનલાઈન પ્રતિસાદ આપી શકે છે, ભૂલ સુધારી શકે છે અથવા બાકી રહેલી રિટર્ન સબમિટ કરી શકે છે.

## ઉધનાના કારખાનામાં વિકરાળ આગ લાગી

**સિલાઈ** મશીનના કારખાનાની આગ બે માળ સુધી પ્રસરી, મોટું નુકસાન

સુરતઃ ઉધના ઉધોગનગર વિસ્તારમાં આજે વહેલી સવારે સિલાઈ મશીનના કારખાનામાં ભીષણ આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ગ્રાઉન્ડ સહિત પહેલો અને બીજો માળ સંપૂર્ણપણે આગની લપેટમાં આવી ગયા હતા. સવા કલાકની જહેમત બાદ ફાયર ટીમે આગ કાબૂમાં લીધી હતી.

ફાયર વિભાગના સૂત્રો મુજબ ઉધના ઉધોગનગર રોડ નંબર-૬ પર આવેલા બાલાજી ક્રિએશન’ નામે સિલાઈ મશીનનું કારખાનું છે. આજે વહેલી સવારે અચાનક આગ લાગતાં થોડા સમયમાં જ આગે ભીષણ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગના કારણે કારખાનામાં ધુમાડાના ગોટેગોટા ફેલાઈ ગયા હતા. ઘટનાની માહિતી મળતા ઉધના, માનદરવાજા, ભેસ્તાન અને મજુરા ફાયર સ્ટેશનથી ફાયર ફાઇટરોનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. સબફાયર ઓફિસર રોહિત ખલાસીએ જણાવ્યું હતું કે આગ લાગી ત્યારે કારખાનું બંધ હતું, જેથી કોઈ જાનહાની થવા પામી નથી. આગના કારણે સિલાઈ મશીન, બેગ, તૈયાર માલ તેમજ રો મટીરિયલ્સ સહિતનો મોટો જથ્થો બળીને ખાખ થઈ ગયો છે. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી.

## 1 માસમાં સુરતમાં ટ્રાફિક ભંગના ૭૭,૫૧૦ કેસ

**એક** જ દિવસે ૯૬૧ કેસ, ઓવર સ્પીડ અને સિગ્નલ ભંગના સૌથી વધુ કેસ

**થયેલા કેસ**

| કેસ | નિયમભંગ |
|---|---|
| રોંગ-સાઇડ | ૪,૭૭૯ |
| હેલ્મેટ | ૩,૯૭૨ |
| સિગ્નલભંગ | ૧૫,૩૩૯ |
| ઓવર સ્પીડ | ૨૮,૯૬૩ |
| અન્યગુના | ૨૪,૪૫૯ |

સુરત : સુરત શહેર ટ્રાફિક પોલીસ દ્વારા રોંગ-સાઇડ ડ્રાઇવિંગ અને સિગ્નલ ભંગ સામે વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. એક મહિનાની સ્પેશિયલ ટ્રાફિક ડ્રાઇવ દરમિયાન શહેરભરમાં કુલ ૭૭,૫૧૦ ટ્રાફિક નિયમભંગના કેસો નોંધાયા હતા. આ સ્પેશિયલ ડ્રાઇવ અંતર્ગત શહેરના ચારેય રીજીયનમાં અલગ-અલગ ટીમો રચવામાં આવી હતી. જ્યાં રોંગ-સાઇડ વાહન ચલાવવાનું પ્રમાણ વધુ છે તથા જ્યાં અકસ્માતોની સંભાવના ઊંચી છે એવા સંવેદનશીલ વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ટ્રાફિક પોલીસ દ્વારા સ્થળદંડ અને ઇ-ચલણના માધ્યમથી નિયમભંગ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી. 28મી ડિસમ્બરે એક જ દિવસે ૯૬૧ કેસો નોંધાયા હતા. ખાસ કરીને રોંગ-સાઇડ ડ્રાઇવિંગ, ટ્રાફિક સિગ્નલનો ભંગ, હેલ્મેટ વિના વાહન ચલાવવું અને ઓવર સ્પીડ જેવા નિયમભંગો સામે કાર્યવાહી કરાઈ હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ભક્તિ ઇન્ટરનેશનલ સ્કૂલમાં ‘તરંગોત્સવ 2025’ની ભવ્ય ઉજવણી



સુરતઃ કઠોદરા સ્થિત ભક્તિ ઇન્ટરનેશનલ સ્કૂલમાં 11મા સ્થાપના વર્ષ નિમિત્તે 21 ડિસેમ્બરે ‘વિકસિત ભારત’ થીમ આધારિત તરંગોત્સવ 2025નું ભવ્ય આયોજન કરાયું હતું. કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે કર્નલ આદર્શ ભંડારી, લિયો ગ્રુપ ઓફ સ્કૂલના જયસુખભાઈ કથીરિયા તેમજ ગુજરાતી ફિલ્મ ‘લાલો- શ્રી કૃષ્ણ સદા સહાય’ના કલાકારો હાજર રહ્યા હતા. આ પ્રસંગે દેશ માટે શહીદ થયેલા પાંચ જવાનોના પરિવારને રૂપિયા 51,000ની ધનરાશી અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### સુરતનો હરમિત દેસાઇ IIMR ટેબલ ટેનિસ ટુર્નામેન્ટની ફાઇનલમાં



સુરતઃ ઇન્દોર ખાતે ચાલતી ઇન્ટર ઇન્સ્ટિટ્યૂશનલ મેજર રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ (આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ રેન્કિંગ પોઇન્ટ મેળવતી બીજા નંબરની મહત્ત્વની ટુર્નામેન્ટ ગણાય છે)ના મેન્સ વિભાગમાં હરમિત દેસાઇએ સેમિ ફાઇનલમાં માનુષ શાહને ૪-૨ના સ્કોરથી કરાવીને ફાઇનલમાં જગ્યા બનાવી છે. આ પહેલા હરમિતે પેટ્રોલિયમ સ્પોર્ટ્સ પ્રમોશન બોર્ડની ટીમે રેલવે પ્રમોશન બોર્ડની ટીમને ફાઇનલમાં હરાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આવતીકાલે હરમિત ફાઇનલ મેચ હૈદરાબાદના પ્લેયર સામે રમશે. પેટ્રોલિયમ સ્પોર્ટ્સ પ્રમોશન બોર્ડ (PSPB) તરફથી હરમિતે AAI 52મી ઇન્સ્ટિટ્યૂશનલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં શ્રેષ્ઠ દેખાવ કર્યો છે.

### IIID નેશનલ એક્ઝિ. કમિટીનો ઇન્વેસ્ટિચર સમારોહ સુરતમાં યોજાયો




સુરતઃ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ટિરિયર ડિઝાઇનર્સ (IIID)-નેશનલ એક્ઝિક્યુટિવ કમિટી (NEC)નો ઇન્વેસ્ટિચર સમારોહ ગતરોજ સુરતના મેરિયોટ હોટલ ખાતે યોજાયો હતો. સમારોહ દરમિયાન IIIDના વર્ષ ૨૦૨૫થી ૨૦૨૭ના કાર્યકાળ માટે નેશનલ ઓફિસ બેરર્સની ઔપચારિક નિમણૂક કરવામાં આવી હતી. જિગ્નેશ મોદી પ્રમુખ તરીકે પદભાર સંભાળ્યો, સરોશ વાડિયા ભૂતપૂર્વ પ્રમુખ, શામિની શંકર જૈન પ્રમુખ- ઇલેક્ટ અને પ્રશાંત રેડ્ડી ઉપપ્રમુખ તરીકે નિમાયા હતાં. અંશુમન શર્મા માનદ સચિવ, મેહુલ કામદાર સંયુક્ત માનદ સચિવ અને સુનિતા વર્ગીસ માનદ ખજાનચી તરીકે જવાબદારી સંભાળશે. નેશનલ મેનેજિંગ કમિટીમાં ગણેશ વાબળે, રવિ એન્ચુર, આદિત્ય ખંભાટલા, પ્રશાંત સુટારિયા, સિમ્પલ ચટવાની, શીતલ અગ્રવાલ, હારેશ પારસાણા અને યોગેશભાઈ રહેશે.

### ICSIની WIRCમાં સીએસ ભાવેશ રાવલની વાઇસ ચેરમેન તરીકે નિમણૂક



સુરતઃ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઇન્ડિયા (ICSI)ની વેસ્ટર્ન ઇન્ડિયા રિજનલ કાઉન્સિલ (WIRC)એ વર્ષ ૨૦૨૬ માટે સીએસ ભાવેશ રાવલને તેના વાઇસ-ચેરમેન તરીકે ચૂંટ્યા છે. સીએસ ભાવેશ રાવલ ICSI ના સુરત ચેપ્ટરના પ્રતિષ્ઠિત સભ્ય છે અને હાલમાં ICSIના WIRCના રિજનલ કાઉન્સિલ મેમ્બર તરીકે સેવા આપે છે. આ પ્રતિષ્ઠિત નેતૃત્વ પદ પર તેમની ચૂંટણી તેમના સતત યોગદાન, વ્યાવસાયિક શ્રેષ્ઠતા અને કંપની સેક્રેટરીઓના વ્યવસાય પ્રત્યે સમર્પિત સેવાની માન્યતા છે.

### અંબાજી રોડ સ્થિત આસ્થાના પ્રતીક અંબાજી મંદિરે શાકંભરી મહોત્સવ

સુરતઃ ૪૦૦ વર્ષ પુરાણા ભાગળ સ્થિત જુના શ્રી અંબાજી માતા મંદિર ખાતે પોષી સુદ આઠમ રવિવાર તા.૨૮થી પોષી શાકંભરી પૂનમ શનિવાર તા.૩ જાન્યુઆરી સુધી શાકંભરી મહોત્સવ (ગુપ્ત નવરાત્રી પર્વ)ની ઊજવણી કરવામાં આવી રહી છે. મંદિરનાં ગાદીપતિ અને ટ્રસ્ટી મહારાજ મહર્ષિ વિપુલ અંબાજીવાળાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, માતા શાકંભરીની નવરાત્રી ખાસ કરીને પોષણ, ભોજન અને જીવન બચાવવાનો તહેવાર માનવામાં આવે છે. શાસ્ત્રો અનુસાર, જ્યારે પૃથ્વી પર ભયંકર દુકાળ પડ્યો, ખોરાકનો અભાવ થયો અને પ્રાણીઓ ભૂખથી મરવા લાગ્યા, ત્યારે માતા દુર્ગાએ શાકંભરીનું સ્વરૂપ ધારણ કર્યું હતું. તેમણે પોતાના શરીરમાંથી શાકભાજી, ફળો, કંદ અને ઔષધીય વનસ્પતિ ઉત્પન્ન કરીને સમગ્ર બ્રહ્માંડનું પાલન કર્યું હતું. જેથી માતા શાકંભરીની નવરાત્રી ઉજવવામાં આવે છે. મા શાકંભરીની પૂજામાં લીલા રંગની વસ્તુઓનું વિશેષ મહત્વ છે. લીલા શાકભાજી, ફળો, બેલપત્ર, દૂર્વા, તુલસી અને લીલા વસ્ત્રો માતાને અર્પણ કરવામાં આવે છે.

### મોબાઈલ, સોશિયલ મિડીયાનું આક્રમણ સંસ્કારોનો સફાયો કરી રહ્યું છેઃ પદ્મદર્શનજી



સુરતઃ વેસુ સ્થિત કે.પી. એમ. ખાતે જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ શ્રમણ ભગવંતોની પાવન પધરામણી થતાં સામૈયા સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વાગતયાત્રા બાદ પૂ. આચાર્ય શ્રી પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિ ઋષિ અને કૃષિપ્રધાન છે. સંતો, મહંતો, ત્યાગી અને તપસ્વીઓની આ ભૂમિ છે. પૂર્વ અને પશ્ચિમની જીવનશૈલી ટકરાઇ રહી છે. પૂર્વની શૈલીમાં મૂલ્યો, મર્યાદાઓ અને સભ્યતાઓ હતી. જ્યારથી પશ્ચિમના વિલાસી વાવાઝોડા ત્રાટક્યા છે ત્યારથી હિંદુ સંસ્કૃતિ ઉપર આફત આવી છે. મોબાઇલ અને સોશિયલ મિડીયાનું આક્રમણ સંસ્કારોનો સફાયો કરી રહ્યું છે. માનવીય ગુણોનો તો જાણે કે સૂર્યાસ્ત થઇ રહ્યો હોય તેવું વાતાવરણ સર્જાયું છે. આપણી જાતનું નિરીક્ષણ કરવા જેવું છે. આજનો માણસ નર મટીને વાનર થઇ રહ્યો છે.માણસ તેને જ કહેવાય છે કે જાતને ઘસીને જગતને સુખી કરે. અત્યારનો માણસ સ્વાર્થલંપટ બન્યો છે. મારું શું ? અને મારે શું ? માણસનો આ જીવનમંત્ર બન્યો છે. જ્યાં પોતાનો સ્વાર્થ સધાતો હોય ત્યાં સુધી માણસ બધે એક્ટિવ હોય છે પણ જ્યાં સ્વાર્થ પૂરો થાય ત્યારે મારે શું ? આવી વિચારધારાએ જોર પકડ્યું છે. તા. 30, 31 ડિસેમ્બર સુધી વાસ્તુ લક્ઝુરિયામાં પૂજ્યશ્રી સ્થિરતા કરી પ્રવચન પ્રસાદી પાઠવશે.